નવનિર્માણ થી કટોકટી

:- વિવેક અમીન

15 ઓગષ્ટ 1947 ભારત દેશ આઝાદ થયો અને 1 મેં 1960 ગુજરાતની રચના થયી. જીવરાજભાઈ મહેતા ત્યારબાદ બળવંતરાય મહેતા, હિતેન્દ્રભાઈ દેસાઈ , ઘનશ્યામભાઈ ઓઝા અને ત્યારબાદ ચીમનભાઈ પટેલની સરકાર રચાઈ.

17 જુલાઈ 1973 ચીમનભાઈ પટેલ ગુજરાતના મુખ્યમંત્રિ બન્યા આ સમયે ગુજરાત આર્થિક મંદી, મોંઘવારી અને બેરોજગરીથી જઝુમી રહ્યું હતું.સરકાર પણ ભ્રષ્ટચારના અરોપોથી ઘેરાયેલી હતી.જેમાં ખુદ ચીમનભાઈ પણ આ અરોપોથી બાકાત નહતા. સરકાર એ પ્રજાને એક સુશાશન આપવામાં નિષ્ફળ નીવડી રહી હતી અને આજ કારણોએ નવનિર્માણ આંદોલનને જન્મ આપવામાં મહત્વની ભૂમિકા ભજવીઆ આંદોલન ને નવનિર્માણ નામ આપનાર વ્યક્તિ સંસદ સભ્ય પુરષોત્તમદાસ મળવંકર હતા. આ સમયે માત્ર ગુજરાતમાં જ આવી સ્થિતિ નહતી બિહાર , ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર વગેરે જેવા રાજ્યોમાં પણ આવીજ સ્થિતિ હતી. એક શબ્દોમાં કહીયેતો સરકારની એક પ્રકારની નિષ્ફળતા.

નવનિર્માણ આંદોલન ની શરૂવાત 20 ડિસેમ્બર 1973 થી થાય છે. અમદાવાદ ના એલ.ડી એન્જીનીયરીંગ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા હોસ્ટેલના ભોજનમાં કરવામાં આવેલા ભાવ વધારાનો વિરોધ કરવામાં આવે છે. તે સમયે તેમાં 20 ટકા જેટલો ભાવ વધારો કરવામાં આવેલો જેનો વિદ્યાર્થીઓ એ વિરોધકર્યો. 3 જાન્યુવારી 1974 ન રોજ વિદ્યાર્થીઓ દ્વારા ગુજરાત યુનિવર્સીટી ખાતે હડતાલ પાડવામાં આવી જેમાં વિદ્યાર્થીઓ અને પોલીસ વચ્ચે અથડામણ થયી પોલીસ દ્વારા આંદોલન કાચડીનાખવા બળજબરી કરવામાં આવી ... વિદ્યાર્થીઓની મુખ્ય મંગની ખોરાક અને શિક્ષણ હતી. અસંતુષ્ટ સમાન્યપ્રજા એટલેકે માધ્યમવર્ગનો પણ આ આંદોલનને ટેકો મળ્યો. પ્રજા સરકારની નિષ્ફળતા સામે લડવા માટે તૈયાર હતી.આને બીજા રોટી રમખાણો તરીકે પણ ઓળખવામાં આવે છે.

શિક્ષકો,વકીલો અને વિદ્યાર્થીઓ દ્વારા એક કમિટીની રચના કરવામાં આવેલી જે નવનિર્માણ યુવક સમિતિ તરીકે ઓળખાયી 10 જાન્યુ 1974 અમદાવાદ અને વડોદરામાં હિંસક તોફાનો થયા .25 જાન્યુ 1974 સમગ્ર ગુજરાતમાં હડતાલો પડી અને હિંસક તોફાનો થયા જેમાં પ્રજા અને સરકાર વચ્ચે ઘર્ષણ થયું. પોલીસ દ્વારા આંદોલનને કચડી નાખવાં માટે લાઠીચાર્જ થી લઈને ગોળીબાર સુધીના તમામ પ્રયત્નો કરવામાં આવ્યા. સરકારે ગુજરાતના ઘણા નાના મોટા શહેરોમાં કરફ્યુ દાખલ કર્યો.28 જાન્યુઆરી 1974 ગુજરાતમાં આર્મી બોલાવવામાં આવી.આખરે રાજકીય પ્રભાવોને વશ થાયીને ઇન્દિરા ગાંધી દ્વારા 9 ફેબ્રુવારિ 1974 ના રોજ ચીમનભાઈ પટેલ પાસેથી રાજીનામુ માંગી લેવામાં આવ્યું .તે સમયે ગુજરાતના રાજ્યપાલ કે.કે.વિશ્વનાથ હતા અને ભારત દેશના રાષ્ટ્રપતિ ફકરુદ્દીન અલી અહેમદ હતા. આ સમયે બિહારમાં પણ કંઈક આવીજ સ્થિતી હતી .

ગુજરાતના આ સ્વયંભૂ આંદોલનથી બિહારના વિદ્યાર્થીનેતાઓ પણ પ્રેરિત થયા. વિદ્યાર્થીઓ દ્વારા બિહારમાં વિરોધોકારવામાં આવ્યા જેને દબાવીદેવા માટે તે સમયના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી ગફૂરે દમનકારી પગલાં લીધા પોલીસ દ્વારા આ આંદોલનને દબાવીદેવા લાઠીચાર્જ થી લઈને ગોળીબાર સુધીના પગલા ભરવામાં આવ્યા . આવા અરાજકતા ભરેલા સમયે બિહારના વિદ્યાર્થીઓ દ્વારા લોકનાયક જય પ્રકાશને નેતૃત્વ સોંપવામાં આવ્યું. જેમને સ્વતંત્રતા બાદ પોતાને રાજનીતિથી દૂર રાખેલા પરંતુ સરકાર ની આરાથિક અને સામાજિક નિષ્ફળતાઓ એ જયપ્રકાશ નારાયણને આ આંદોલનમાં જંપલવા પ્રેરિત કર્યાં.

(જય પ્રકાશ નારાયણ વિશે....
જન્મ–11 ઓક્ટોમ્બર 1902
સ્થળ– બિહારના સાયણ જિલ્લાનું

VISIT…

સતાબ્દીયા ગામ

એક સામાન્ય પરિવારમાં તેમનો જન્મ થયો હતો. માર્ક્સવાદથી તેમને ઘાણા પ્રભાવિત હતા. સ્વતંત્રસંગ્રામને ટેકો આપવા બિહાર વિદ્યાપીઠમાં જોડાયા અને ત્યારબાદ ઉચ્ચ અભ્યાસ માટે 1922 થી 1929 અમેરિકા ના કેલિફોર્નિયા માં ગયા જ્યાં સમાજશાસ્ત્ર માં તેમને એમ.એ નૉ ડિગ્રી મેળવી. તેમને અભ્યાસ કરવામાં આર્થિક તંગીના લીધે ઘણો સંઘર્ષ કરવો પડેલો તેમને હોટલોમાં વેટરથી લઈને માળી સુધીનું કામ કરેલું.આવા સંઘર્ષ બાદ પણ તેમને પોતાના ઉચ્ચ અભ્યાસમાં ટોપ કરેલું.

તેમને દેશમાં પરત ફર્યા અને તરતજ સ્વતંત્રસંગ્રામમાં જોડાયા.તે સમયે દેશમાં સવિનય કાનૂનભંગની ગાંધીજી દ્વારા લડત ચલાવવામાં આવી રહી હતી. તે પણ તેમાં જોડાયા.

1932માં તેમને 1 વર્ષની સજા થયેલી અને નાસિક જેલમાં મોકલવામાં આવેલા. તેમની 1943માં હિન્દ છોડો આંદોલન વખતે પણ ધરપકડ કરવામાં આવેલી પરંતુ જેલમાંથી ભાગી તેમને રાવલપિંડી પહોંચ્યા પરંતુ ટ્રેનમાં તેમની ફરી ધરપકડ થતા તેમને લાહોર જેલમાં અને ત્યારબાદ 1945માં આગ્રા સેન્ટ્રલ જેલમાં પણ રાખ્યા હતા. દેશ આઝાદ થતા તેમને રાજનીતિથી પોતાને દૂર રાખ્યા હતા.તેમને પોતાનું જીવન પ્રજાને અને લોકસેવાને સમર્પિત કરી દીધું હતું.19 એપ્રિલ 1954થી તેમને આચાર્ય વિનોબા ભાવેના સર્વોદય આંદોલનમાં જોડાયા..અને સમય જતાં સમાજના કલ્યાણ માટે દેશ ના ભલામાટે તેમને બિહાર આંદોલનનું નેતૃત્વ કર્યું.)

9 એપ્રિલ 1974 ની પાટનાના ગાંધી મેદાન ખાતે લાખો સત્યાગ્રહી જયપ્રકાશ નારાયણ ના નેતૃત્વમાં મળ્યા જેમને જયપ્રકાશ નારાયણ ને લોકનાયકની ઉપાધિ આપી જયપ્રકાશે આ સભામાં કહ્યુ કે..

દેશ આઝાદ થાય ના 27 વર્ષથી હું રાજનીતિ થી દુર રહ્યો અને દેશની આ કુશાશનની સ્થિતિને જોતો આવ્યો છું પરંતુ હવે સ્થિતિ અસહ્ય બાનીચુકી છે. આ અસહ્ય સ્થિતિને બદલવાનો મેં સંકલ્પ કારી લીધો છે. જ્યાંસુધી મારામાં તાકાત છે ...જ્યાંસુધી હું પડીના જાઉં ત્યાં સુધી હું લડત આપવા તૈયાર છું.

આઝાદીના 27 વર્ષ બાદ પણ આર્થિક અને સામાજિક સ્થિતિ યથાવત રહેતા તેના કાયદા માત્ર ચોપડે રહેતા જયપ્રકાશે લડત આપવાનો નીર્ધાર કર્યો તેમનો સંકલ્પ માત્ર બિહારની સત્તા પાલટાવવાનોજ નહીં પરંતુ સમગ્ર ભારત ની સ્થિથી બદલવાનો એટલેકે સંપૂર્ણનિર્માણ એટલેકે નવી વ્યવસ્થા દેશમાં સ્થાપિત કરવાનો હતો.

11 ફેબ્રુવારી 1974 ના રોજ જયપ્રકાશ નારાયણે ગુજરાતની મુલાકાત લીધી અને આ આંદોલનને ટેકો પણ આપ્યો . આ સમયે ગુજરાતમાં નવનિર્માણ યુવક સમિતિ દ્વારા નવી ચૂંટણીની મંગની કરવામાં આવી મોરારજીભાઈ દેસાઈ તેના સમર્થનમાં 6 એપ્રિલ1974 ના રોજ ઉપવાસ પર ઉતાર્યા અને વિરોધ પક્ષે પણ તેને ટેકો આપ્યો આ સમયે ગુજરાત માં કોંગ્રેસ પાસે 167 માંથી 140 જેટલી બહુમત હતી પરંતુ નવી ચૂંટણીની મંગની થતા અને વિદ્યાર્થીઓ દ્વારા 167માંથી લગભગ 95 નેતાઓના રાજીનામાં મેળવતા વિધાનસભાનું વિસર્જન કરવામાં આવ્યું.આ આંદોલન માં 100 થી વધુ લોકો મૃત્યું પામ્યા અને લગભગ 8000થી પણ વધુની ધરપકડ કરવામાં આવેલી.6 એપ્રિલ 1974ના રોજ મોરારજીભાઈ દેસાઈ પણ આના સમર્થનમાં ઉપવાસ પાર ઉતર્યા અને આખરે નવી ચૂંટણીઓ યોજાય.

10 જૂન 1974 વિધાનસભાની ચૂંટણીઓ થયી અને 12જૂન1974 ના રોજ નવા પરિણામો જાહેર થાય જેમાં કોંગ્રેસની હાર થઇ અને 167 માંથી માત્ર 75 સીટ કોંગ્રેસને મળી બીજી તરફ 12જૂન1974 ઇન્દિરા ગાંધી ને ઇલાહબાદ હાઇકોર્ટ દ્વારા ચૂંટણીમાં ભ્રષ્ટચાર બાબતે દોશી ઠેરવવામાં આવી. ચીમનભાઈ પટેલ દ્વારા કિસાન મજદૂર લોક પક્ષ નું નિર્માણ કરવામાં આવ્યું . ગુજરાતમાં જનતા મોરચા(લોક દળ) કે જેને 88 સીટ મળતા સત્તા પર આવી અને બાબુભાઇ જસભાઈ પટેલની સરકાર બની...

આમ એક તરફ ગુજરાત માં સ્થિતિ ડામાડોળ બની હતી તો બીજી તરફ બિહારમાં વિદ્યાર્થીઓ દ્વારા આર્થિક અને રાજકીય અને શૈક્ષણિક મંગ સાથે આંદોલન કરવામાં આવ્યું . જેનું સમય જતાં જયપ્રકાશ નારાયણ દ્વારા નેતૃત્વ લેવામાં આવ્યું જે આપણે જોયું. વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલા આ આંદોલન નું લક્ષ્ય ભલે માત્ર સત્તા પલટાવનો હોય પરંતુ જયપ્રકાશ નારાયણ તેને અલગ રીતે જોતાહતા. તેમનું લક્ષ્ય માત્ર એટલુંજ નહતું. તેમને સમય સાથે આ આંદોલન ને દેશની વ્યવસ્થા સાથે જોડયું લોકો પણ હવે

VIVEK AMIN

જે.પી(જયપ્રકાશ) ના આ લક્ષ્યને સમજવું લાગેલા દેશની તત્કાલીન સરકારોની નિષ્ફળતાના લીધે દેશની રાજનીતિક, આર્થિક મંદી વગેરે જેવી સ્થિતિના લીધે આખરે પ્રજાએ પણ જે.પી ને સમર્થન આપ્યું.
એક તરફ ગુજરાત એક તરફ બિહાર તો બીજી તરફ માહારાષ્ટ્ર પણ આ સ્થિતિથી કાઈ જુદું નહતું આ સમયે મહારાષ્ટ્રના લગભગ 4 કરોડ જેટલા મજૂરો બેકાર બેઠેલા હતા બેકારી એમાં પણ એક તરફ મંદી ખાવાના ફાંફા જેવી સ્થિતિ સર્જાઈ હતી.ઉદ્યોગ પતિઓના આપસી ટાકરાઓમાં મજદૂરવર્ગ પિશાઈ રહ્યો હતો અને આવા સમયે ત્યાં જ્યોજૅ ફર્નાન્ડિશ જેવા માજદૂરનેતા ઉભરીને આવ્યા જેમને દેશમાં અભૂતપૂર્વ રેલ હડતાલો પડી.8 મેં 1974 ઓલ ઈંન્ડિયા રેલવે મેન ફેડરેશન ના નેતા જ્યોર્જ ફર્નાન્ડિશ ના નેતૃત્વમાં લગભગ 17લાખ જેટલા મજૂરો હડતાલ પાર ઉતાર્યા . ભારતમાં યતાયાતનું મહત્વનું સાધન એવું રેલવે તંત્ર ઠપ્પ થાઈ ચૂક્યું હતું અને દેશભરના રેલ યુનિયનને આનું સમર્થન મળ્યું.તે સમયે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી વસંતરાઓ હતા. ઇન્દિરાગાંધી હવે આવા આંદોલનને દબાવવાનું મન બનાવીચુકી હતી પરંતુ 20 દિવસ વીતતા વીતતા તો રેલ આંદોલન ધીમું પાડવા લાગ્યું કેમ કે ઘણા રેલ મજુર યુનિયન એવું માનતા હતા કે આનાથી સામાન્ય પ્રજાને કષ્ટ વેઠવો પડશે તો બીજી તરફ જયોર્જ પણ ગુજરાત અને મહારાષ્ટ્રના આંદોલનકારીઓના સંપર્કમાં હતા.જ્યોર્જ એક તરફ વડોદરા ડાઈનામાઇટ કેસમાં ભરાતા એક તરફ આ આંદોલન મોકૂફ રહ્યું. બીજી તરફ બિહાર માં 5જૂન1974 પાટનાના ગાંધી મેદાનમાં જયપ્રકાશ નારાયણે લાખોની જનમેદની સંબોધી અને સમપૂર્ણ ક્રાંતિનો નારો આપ્યો

લોકોએ નારાઓ લગાયા

- **જયપ્રકાશ જીંદબાદ.... લોકનાયક જીંદબાદ**
- **જય પ્રકાશ બોલ રાહા હે...ઇન્દિરા શાસન ડોલ રહા હે.**
- **દેના શકે જો સસ્તા રાસન, વોભીક્યા જંતાકા શાસન.**
- **છાત્ર ઉઠે હે અબ લલકાર,**

  નહીં ચાલેન્ગા ભ્રષ્ટચાર.
- **42 મેં ભારત છોડો,**

  74 મેં ગદ્દી છોડો.

જયપ્રકાશ દ્વારા હસ્તાક્ષર અભિયાન ચાલવાયું એક- કરોડ લોકોથી વધુ લોકોએ હસ્તાક્ષર કર્યા જેનો હેતુ વિધાન સભા ભંગ કરવાનો હતો આ હસ્તાક્ષર લઈને જે.પી રાજ્યપાલ રામચંદ્ર ઢોંડીબા ભંડાલે ને મળ્યા અને રાજ્યમાં રાષ્ટ્રપતિ સાશન અને વિધાન સભા ભંગ ની મંગ કારી.
તેમનો હેતુ અન્યાય અને શોષણનો અંત કરવાનો હતો...તેમને ક્રાંતિના સાત સ્થંભો ની વાત કરી સામાજિક ,આર્થિક, શૈક્ષણિક ,સાંસ્કૃતિક , બૌદ્ધિક, આધ્યાત્મિક અને રાજનીતિક ક્રાંતિની વાત કરી તેમનો મુખ્ય હેતુ વિધાનસભાના વિત્સર્જન નો નઈ કે નવું બિહાર નય પરંતુ એક સંપૂર્ણ ક્રાંતિ કરીને નવું ભારત બનાવવાનો હતો. તેમને આર્મી અને બી.એસ. એફના જવાનોને સરકારનો અને તેના અન્યાયી નિર્ણયોનો સાથ ન અપવા માટે જણાવ્યું.

લોકોએ નારાઓ લગાવ્યા કે

સંપૂર્ણ ક્રાંતિ નારા હે,

ભાવિ ઇતિહાસ હમારા હે.

18 જુલાઈ 1974 રાંચી,ભાગલપુર, મિથિલા,જમસેદપુર વગેરે જેવા સ્થળોએ વિધ્યાર્થીઓ ને બળજબરીથી પરીક્ષા આપવા માટે મજબૂર કરવામાં આવ્યા. પોલીસે બળજબરીનો ઉપયોગ કર્યો. ગોળીબારની પણ ઘટનાઓ પણ બની જેમાં નાની ઉંમર ના થોડા વિદ્યાર્થીઓ પણ માર્યા જેથી વિદ્યાર્થીઓ રોષે ભરાયા...જયપ્રકાશ નારાયણ દ્વારા સમાજના તમામ વર્ગોને આ આંદોલનમાં જોડાઈ જવામાટે કહ્યું. તેમને પણ પોલીસને આડેધડ સરકારના આદેશ માનવા કરતા પોતાની વિવેક બુદ્ધિ નો ઉપયોગ કરવા કહ્યું તેમને

VIVEK AMIN

કહ્યુકે....

પોલીસે આવા તમામ અદેશોની અવગણના કરવી જોઈએ કે જેને માનવા તમારો અંતરાત્મા ન માને.

9 ઓગસ્ટ 1974 નો દિવસ સંપૂર્ણ ક્રાંતિ દિવસ તરીકે જ્યારે 15 ઔગેસ્ટ 1974 નો દિવસ લોક સ્વરાજ દિવસ તરીકે માનવાયો. લોકોએ ભ્રષ્ટચાર હિંસા અને ગાદી છોડોના નારાઓ લગાવ્યા.જે.પીએ લોકોને સંતી જાળવવા અપીલકરી કેટલીક હિંસાત્મક ઘટનાઓ ના કારણે જ.પીએ આંદોલન પાછું ખેંચી લેવાની ધમકીઓ પણ આપી.

5 ઓક્ટોમ્બર 1974 ના રોજ પોલીસ દ્વારા આંદોલન કચડી નાખવા માટે ગોળીબારનો પ્રયોગ કરવામાં આવ્યો જેમાં 75 જેટલા વિદ્યાર્થીઓ મર્યા ગયા.તે સમયે ત્યાંના મુખ્યમંત્રી અબ્દુલ ગફુર હતા. તેમણે આ ગોળીબારના વિરોધમાં બિહારની પોલીસ ને કહેલું કે...

બિહાર ના ઓફિસરો તમે એ વાત નક્કી કરો કે, તમેં જે જનતાનું નમક ખાવ છો એની સાથે છો, કે જે જનતા નું નામક ખાઈને એમની જોડે નમક હારામી કરે છે એમની સાથે, જો તમે જનતાની સાથે રહેવા માંગતા હોવ તો રાજીનામાં આપીને અમારી જોડે જોડાઈ જાવ....કેમ કે જેના આદેશથી તમે આ કરી રહ્યા છો એ જનતાના પ્રતિનિધિ નાઈ પરંતુ ગદ્દાર છે.

આ તરફ હવે જે.પી આરપાર ની લડાઈ લાડવા તૈયાર હતા...ઇન્દિરા ગાંધી બિહારના મુખ્યમંત્રી અબ્દુલ ગફુર ને મળ્યા અને અને તેમને કહ્યુકે ગમે તે કરીને 4 નવેમ્બર પહેલા જે .પી ની ધરપકડ કરી લેવામાં આવે પરંતુ અબ્દુલ ગાફુરે જયપ્રકાશ નારાયણને પકડવાની અસમર્થતા દર્શાવી. ઇન્દિરા ગાંધીને હવે પોતાની સત્તા પરથી પકડ ઢીલી પડતી લાગી રહી હતી.આ તરફ હોવી રાજનીતિમાં એક નવો વૈકલ્પિક પક્ષ પણ ઉભરી રહ્યો હતો ભારતીય લોક ક્રાંતિદળ ના નેતા ચૌધરી ચારણસિંહ અને બીજા અન્ય નાના નાના પક્ષો ભેગા થઈને એક નવા પક્ષ ની રચના કરી જનતા દળ. આમ એક તરફ રાજનીતિમાં નવા સમીકરણો ઉમેરાતા હતા હાલના નીતીશ કુમાર, લાલુયાદવ, રવિશંકર પ્રસાદ કે પછી મુલાયમસિંગ યાદવ આ બધાજ આજ સંઘર્ષ ની ઉપજ છે. જેમને રાજનીતિનો એકડો અહીંથી જ ઘુંટયો હતો.

25 જૂન 1975 જયપ્રકાશ નારાયણની દિલ્લી ના રામલીલા મેદાનમાં સભા ભરાયી. આ સાભામાં તેમને લોકસંઘર્ષ સમિતિની રચના કરી જેના ચેરમેન મોરારજીભાઈ દેસાઈને બનાવામાં આવ્યા.તેના કોશઅધ્યક્ષ અશોક મહેતાને બનાવામાં આવ્યા. આ સભામાં તેમને કહેલું કે....

પોલિશ સરકના કોઈ પણ અનુચિત આદેશ ન માને આવા આદેશ માનવ એ દંડનીય અપરાધ છે.તે બંધારણ નું ઉલ્લંઘન છે.પોલીસ કે આર્મી તે બંધારણ ના રખેવાળ છે.

એક તરફ હવે ઇન્દિરાગાંધીને પોતાના પગનીચેથી સત્તા જતી લાગી...દેશની ગલી ગલી થી લઈને વિધાનસભાઓ અને સંસદ સુધી હવે જયપ્રકાશની સંપૂર્ણ ક્રાંતિ અને તેની વાતોનો જુવાળ ફરી ચુકેલો હતો અને આખરે 25 જૂન 1975 ની માધરાત્રીએ ઇન્દિરા ગાંધી દ્વારા આંતરિક અસુરક્ષાના બહાને બંધારણ ના આર્ટિકલ 352 અંતર્ગત કટોકટી લાદી દેવામાં આવી લોકશાહી કે જે માનવના સ્વતંત્રતાના સિદ્ધાંતો પાર રચાયેલી છે તેની હવે મજાક બાનીરહી હતી... રાતનાં સમયે જયપ્રકાશ નારાયણ કે જે ગાંધી પીસ ફાઉન્ડેશનમાં રોકાયેલા હતા ત્યાંથી તેમની ધરપકડ કરી લેવામાં આવી. સવાર પડતા તો લગભગ 36000 જેટલા લોકોની ધરપકડ થઈ ચૂકી હતી...આપડે જાણીયેજ છે કે કાટોકટીની સ્થિતિમાં માનવના મૂળભૂત અધિકારો છીનવી લેવામાં આવે છે. સરકાર વિરોધી તમામ લોકોની ધરપકડ કરી લેવાઆવી અને દેશનો એક કાળો ઇતિહાસ કટોકટી ની શરૂવાત થઇ કે જેમાં લોકશાહીએ એક લોકશાહી નહી પરંતુ ઠોકસાહિ બની ગયી. દેશના ઇતિહાસમાં એક નવું પાનું ઉમેરાયું.જેમાં લોકશાહી અને લોક શક્તિનું એક નવું દૃશ્ય દેખાયું.

.....વિવેક અમીન